ADVANCE BANKING IV

UNIT 2

કોર બેન્કિંગ

આજના વૈશ્વિકરણના યુગમાં દરેક બેંક પોતાના ગ્રાહકોને શક્ય હોય તેટલી શ્રેષ્ઠ સેવા પૂરી પાડવા માટે પ્રયત્ન કરે છે. ગળાકાપ હરિફાઈ વચ્ચે પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે – ગ્રાહકોને જાળવી રાખવા માટે અને નવા નવા ગ્રાહકોને આકર્ષવા માટે આ જરૂરી છે.

આજના ગતિશીલ જમાનામાં દરેક ગ્રાહક એમ ઈચ્છે છે કે એનું કામ ઝડપથી થાય અને સમયની બચત થાય. પોતે બેંકમાં જે ચેક ભર્યા હોય તેના નાણાં ઝડપથી મળી જાય. પોતે બહારગામ જે ચેક નાણાં મોકલ્યા હોય તે સામી પાર્ટીને પણ ઝડપથી મળી જાય એવી અપેક્ષા ગ્રાહક રાખે છે. જે બેંક આવી ઝડપી સેવા આપવા સક્ષમ હોય તે બેંક પ્રત્યે ગ્રાહકો આકર્ષાય એ સ્વાભાવિક છે. બેંકો દ્વારા ગ્રાહકોને વધુ સારી સેવા આપવાની દિશામાં કોર બેંકિંગ એ એક મહત્ત્વનું કદમ છે.

મોટાભાગે કોર બેન્કિંગ MICR ચેક સિસ્ટમ, ક્રેડિટ કાર્ડ/ડેબિટ કાર્ડ, ATM, ટેલી બેન્કિંગ, ઈન્ટરલિંક્ડ બ્રાન્ચ બેન્કિંગ, E – બેન્કિંગ અથવા ઑન-લાઈન બેન્કિંગ જેવી જ સુવિધાઓ ધરાવે છે.

હવે કોર બેન્કિંગનો ખ્યાલ સર્વાનુમતિ દ્વારા વૈશ્વિક સ્તરે સ્વીકારવામાં આવેલ છે. કોર બેન્કિંગ એ પ્રોગ્રામ આધારિત આધુનિક ટેક્નોલૉજી ઉપર કાર્ય કરે છે.

(૨) CB અને CBSનો અર્થ:-

કોર બેન્કિંગ - CB :

જે બેન્કમાં બેન્કિંગ પ્રક્રિયા બ્રાન્ચ સર્વરના બદલે સેન્ટ્રલાઈઝ્ડ સર્વરમાં કરવામાં આવે છે તે બેન્કને કોર બેન્કિંગ કહેવામાં આવે છે. તેમાં ઘરાકના ખાતાને લગતી તમામ માહિતી સેન્ટ્રલ સર્વરમાં સંગ્રહવામાં આવે છે (સ્ટોર કરવામાં આવે છે). આ સર્વરની ક્ષમતાનો આધાર બેન્કની જરૂરિયાત અને તેની સાઈઝ ઉપર રહેતો હોય છે. તેનો આધાર તેના ઉપર બધા જ ઑપરેશન્સ કરવાના છે કે મર્યાદિત ઑપરેશન્સ કરવાના છે તેના ઉપર પણ રહેતો હોય છે.

કોર બેન્કિંગ સોલ્યુશન - CBS :

કોર બેન્કિંગને લગતા બધા જ ઑપરેશન્સ કરતી પદ્ધતિ કે સિસ્ટમને કોર બેન્કિંગ સૉલ્યુશન કહેવામાં આવે છે. તેને સેન્ટ્રલાઈઝ્ડ બેન્કિંગ સોલ્યુશન પણ કહેવામાં આવે છે. બીજા શબ્દોમાં કહીએ તો કોર બેંકિંગ

AMITKUMAR R. VASAVA, ADHYAPAK SAHAYAK, B.J.VM COMMERCE COLLEGE, VALLABH VIDYANAGAR

સોલ્યુશન અથવા સેન્ટ્રલાઇઝ્ડ બેંકિંગ સોલ્યુશન (CBS) એ એક સમાન પદ્ધતિએ ઇ-કૉમર્સ, કોમર્સિયલ બેંકિંગ, વેપાર, ટ્રેઝરી, પ્રસારણ ચેનલ (Delivery Channel) અને MIS નું એકીકરણ કરી કૉમ્પ્યુટરમાં સંગ્રહી રાખતી પદ્ધતિ છે. બેંકની બધી જ શાખાઓ કૉમ્પ્યુટરની મદદથી મુખ્ય ઑફિસ સાથે જોડાયેલી હોય છે. જુદી જુદી શાખાના ગ્રાહકોના ખાતાને લગતી માહિતી જે તે શાખાના સર્વરને બદલે બેંકના કેન્દ્રસ્થ સર્વરમાં સંગ્રહિત થાય છે.

CBS માં બેંકની જુદી જુદી શાખાઓની તમામ માહિતી મુખ્ય ઑફિસના વિવિધ વિભાગની જરૂરિયાત સંતોષવા માટે મધ્યસ્થ સ્થળે મોકલી આપવામાં આવે છે. જેથી બેંકને સંપૂર્ણ MIS મળી શકે છે. CBS ની મદદથી બૅંકો ATM, ઈન્ટરનેટ બેંકિંગ, મોબાઈલ, ટેલિ બૅન્કિંગ જેવી ટેકનોલોજી આધારિત પ્રસારણ ચેનલો (Delivery Channels) શરૂ કરી શકી છે. આની મદદથી બેંકને અને એના ગ્રાહકને ગમે તે સ્થળે અને ગમે તે સમયે પોતાની ચોક્કસ માહિતી મળી શકે છે. આવી બેંકો 24 × 7 ના ધોરણે સેવા આપે છે. આથી બેંકની જે શાખાઓ કોર-બેંકિંગ સોલ્યુશન સાથે જોડાયેલી હોય તે શાખાઓ પૈકી કોઈ પણ શાખામાં ગ્રાહક નાણાંકીય વ્યવહાર કરી શકે છે.

આમ ગ્રાહક બૅની કોઈ એક શાખાનો નહીં પરંતુ બેંકનો ગ્રાહક બને છે. જેના કારણે બેંક તરફથી ગ્રાહકને આપવામાં આવતી સેવાની ગુણવત્તા સુધરે છે જે બેંકને એના ગ્રાહકો જાળવી રાખવામાં જ નહીં પણ ગ્રાહકની સંખ્યામાં વધારો કરવામાં પણ સહાયભૂત થાય છે.

ભારતમાં ખાનગી ક્ષેત્રની નવી બેંકો જેવી કે ICICI Bank, IDBI Bank, UTI Bank જેવી બેંકોની શાખા CBSથી મુખ્ય ઑફિસ સાથે જોડાઈ ગઈ છે. વિદેશી બેંકો, ખાનગી ક્ષેત્રની કેટલીક જૂની બેંકો અને જાહેર ક્ષેત્રની બેંકોએ પણ આ દિશામાં ચક્રો ગતિમાન કરી દીધા છે. બેંક ઓફ બરોડા જેવી જાહેર ક્ષેત્રની બેંકની મોટા ભાગની શાખાઓ CBS થી જોડાઈ છે.

- **કોર-બેકિંગના ફાયદા (Advantages of Core-Banking) :º**

૧.ઉન્નત ઉત્પાદકતા

કોર બેન્કિંગ પ્લેટફોર્મ બહુવિધ શાખાઓ સાથે જોડાવા માટે લાગતો સમય ઘટાડીને ઓપરેશનલ કાર્યક્ષમતામાં વધારો કરે છે. પરિણામે, ગ્રાહકના ભૌતિક સ્થાનને ધ્યાનમાં લીધા વિના, બેંકો ઝડપથી વ્યવહારો પર પ્રક્રિયા કરી શકે છે.

૨.સુધારેલ સુરક્ષા

કોર બેન્કિંગ સિસ્ટમ્સ હેકર્સ અને માલવેરથી ઈન્ફ્રાસ્ટ્રક્ચરને સુરક્ષિત રાખવા માટે એડવાન્સ્ડ એન્ક્રિપ્શન મોડ્યુલ્સનો ઉપયોગ કરે છે. ક્લાયન્ટની બાજુએ, બાયો-વેરિફિકેશન અને ટુ-ફેક્ટર ઓથેન્ટિકેશન પણ પ્લેટફોર્મને સુરક્ષાના વધારાના સ્તરો પૂરા પાડે છે. આ સુવિધાઓ બેંકોને KYC ધોરણો જાળવવામાં અને અન્ય બેંકિંગ નિયમોનું પાલન કરવામાં મદદ કરે છે.

૩.બેંકિંગ સેવાઓની 24/7 ઍક્સેસ

કોન્ટેક્ટલેસ પેમેન્ટ્સના આ યુગમાં, ચોવીસ કલાક બેંક સેવાઓની ઍક્સેસ મહત્વપૂર્ણ છે. કોર બેન્કિંગ પ્લેટફોર્મ ક્યારેય ઓફલાઈન થતું ન હોવાથી વપરાશકર્તાઓ ગમે ત્યાં અને ગમે ત્યારે નાણાકીય કામગીરી કરી શકે છે. ગ્રાહકો કોઈપણ સમયે સહાયતા માટે ગ્રાહક સપોર્ટનો સંપર્ક કરી શકે છે.

૪.નીચા ઓપરેશનલ ખર્ચ

બેંકો ઓપરેશનલ ખર્ચ ઘટાડવા માટે તેમના મુખ્ય પ્લેટફોર્મ પર આધાર રાખી શકે છે કારણ કે આ સિસ્ટમોને કામ કરવા માટે ઓછા માનવ સંસાધનોની જરૂર પડે છે. આ ઉપરાંત, AI-સંચાલિત ઈન્ફ્રાસ્ટ્રક્ચર કામગીરીના પૂર્ણ થવાના દરમાં વધારો કરે છે અને દસ્તાવેજીકરણમાં ભૂલોની શક્યતા ઘટાડે છે.

૫.બહુવિધ કરન્સી

ચલણ વિનિમયમાં મોટી માત્રામાં ફેરફાર કર્યા વિના વપરાશકર્તાઓ તરત જ બહુવિધ કરન્સીમાં વેપાર કરી શકે છે.

૬.કોર બૈંકિંગ વ્યવસ્થાને કારણે બેંકો વિશ્વનીય કેન્દ્રિય માહિતી સંગ્રહાલયની સ્થાપના કરી શકે છે.

૭. કોર બૈંકિંગ વ્યવસ્થાની મદદથી ઑનલાઈન ATM, ટેલિ બેંકિંગ, ઇન્ટરનેટ બેંકિંગ, ચિોસ્ક બૈંકિંગ, બ્રાંચ બેંકિંગ, રોકડ લેવડ-દેવડ જેવી સંકલિત ગ્રાહકલક્ષી સેવાઓનું અમલીકરણ સહેલાઈથી થઈ શકે છે.

૮. કેન્દ્રિય માહિતી સંગ્રહનો ઉપયોગ કરીને MIS, ALM, જોખમ સંચાલન (risk management) વગેરેને સક્ષમ અને અસરકારક બનાવી શકાય છે.

૯. એકજ version નો ઉપયોગ કરીને શાખાના સ્વયંસંચાલન સોફ્ટવેર પ્રમાણભૂત (standardised) બનાવી શકાય છે.

૧૦. ફકત કેન્દ્રિય સ્થળેજ ફેરફાર કરવાથી સોફ્ટવેરમાં કરવામાં આવેલ ફેરફારનો ઝડપથી સ્વીકાર કરાવી શકાય છે.

૧૧. પ્રવર્તમાન પ્રક્રિયાઓનો સુમેળ સાધવામાં Business Process Re-engineering (BPR) ને સહાયભૂત થાય છે.

(૧૨) બેંકની શાખાઓને વિગતો – માહિતી પૂરી પાડવી (Data backups), MIS ઉત્પત્તિ (Mis Generation) જેવા કાર્યોમાંથી મુક્તિ મળે છે.

(૧૩) શાખાઓના સ્થાને સર્વરો ફરજિયાત (Mandatory) નથી.

(૧૪) SFMS, RTGS અને CFMS જેવા સોફટવેરના અમલ માટે વધારાનો ખર્ચ થતો નથી.

(૧૫) વધારાની શાખાઓ અને પ્રસારણ ચેનલની સવલત આપવાનું પ્રમાણમાં ઓછું ખર્ચાળ બને છે.

(૧૬) કોર બૈંકિંગના માળખાનો ભવિષ્યના વિસ્તરણ માટે ઉપયોગ કરી શકાય છે.

(૧૭) શરૂઆતમાં ઊંચા રોકાણને આકર્ષે છે.

(૧૮) કેન્દ્રિય સ્થાને, ટેકારૂપ સ્થાને અને શાખા પર માળખાગત જરૂરિયાત હોવી જોઈએ.

(૧૯) કેન્દ્રસ્થ વિગતની મદદથી કેન્દ્રિય સંચાલન અને અંકુશ શક્ય બને છે.

- **કોર – બેકિંગના સિદ્ધાંતો:**

સપ્ટેમ્બર ૧૯૯૭માં Effective Banking Supervision અસરકારક બૈંકિંગ નિરિક્ષણ માટે CBS ના સિદ્ધાંતો રજૂ કરવામાં આવ્યા હતા. આ સિદ્ધાંતો અંગે ચર્ચા – વિચારણા કરવા માટે વિશ્વના લગભગ ૬૦ જેટલા દેશોના પ્રતિનિધિ ભેગા મળ્યા હતા અને તેમણે આ સિદ્ધાંતોને અનુમોદન આપ્યું હતું. આ સિદ્ધાંતોને બેસલ કોર પ્રિન્સીપલ્સ (Basel Core Principles) કહેવામાં આવે છે.

આ સિદ્ધાંતોના અમલીકરણ માટે નીચે મુજબની પૂર્વ-શરતોનું પાલન થવું જોઈએ :

(૧) કાનૂની અને ન્યાયતંત્રનું માળખું સુવિકસિત હોવું જોઈએ (Well developed legal And judicial infrastructure).

(૨) બજાર શિસ્તની પદ્ધતિ અસરકારક હોવી જોઈએ. (Effective Market Discipline).

(૩) સ્થિર મેક્રોઇકોનોમિક નીતિ (Stable Macro Economic Policy) હોવી જોઈએ

(૪) બેંકોની અસરકારક નિર્ણાયક પદ્ધતિ માટે જરૂરી પ્રણાલી હોવી (Procedures For the effective resolution of Bank).

(૫) સુરક્ષા વ્યવસ્થા અસરકારક (Effective Safety Nets) હોવી જોઈએ.

(૬) સુપર વાઈઝરને માર્ગદર્શક સૂચનાઓ પૂરી પાડવી જોઈએ. તેની જરૂરિયાત પૂરી પાડવી જોઈએ અને તેને પૂરતું સ્વાતંત્ર્ય આપવું જોઈએ.

આ બધી શરતોની અસરકારકતાના સંદર્ભમાં BCP નું મૂલ્યાંકન FSAP પદ્ધતિ અનુસાર કરવું જોઈએ.

અસરકારક બેંકિંગ નિયંત્રણ માટે ઉપર મુજબની પૂર્વશરતોને આવરી લેતાં કોરબેંકિંગના લગભગ ૨૫ જેટલા સિદ્ધાંતો છે, જે અનુસાર CBS ની કાર્યવાહી થાય છે. **આ બધા જ સિદ્ધાંતોને નીચે મુજબના સાત વિભાગોમાં વહેંચવામાં આવેલ છે :**

(૧) હેતુઓ, સ્વશાનનો અધિકાર, સત્તા અને સંસાધનો (Objectives, Autonomy, Powers and Resources):

આ મથાળા હેઠળ માત્ર એક જ સિદ્ધાંત CP1 આવે છે. જેનું ફરીથી વિભાગીકરણ નીચે મુજબના છ ભાગોમાં કરવામાં આવેલ છેઃ

(i) CP1.1 : તે સુપરવાઈઝરી એજન્સીના હેતુઓ અને તેમની જવાબદારીઓની વ્યાખ્યા સાથે ડીલ કરે છે.

(ii) CP1.2 : તે સુપરવાઈઝરી એજન્સીની કાર્યકુશળતા (આવડત), સ્વતંત્રતા અને સંસાધનો સાથે ડીલ કરે છે.

(iii) CP1.3 : તે કાયદેસર રીતે હરકોઈ વસ્તુના ઢાંચા (frame work) સાથે ડીલ કરે છે.

(iv) CP1.4 : તે અમલી સત્તા સાથે ડીલ કરે છે.

(v) CP1.5 : તે સુપરવાઈઝર માટે જોઈતા પૂરતા કાયદાકીય રક્ષણ સાથે ડીલ કરે છે.

(vi) CP1.6 : તે જાણકારીનો ફાળો આપતી બાબત સાથે ડીલ કરે છે.

(૨) લાઈસેન્સિંગ અને માળખું (Licensing and Structure) :

આ માળા હેઠળ ચાર સિદ્ધાંત CP2 થી CP5 આવે છે :

i. CP2 : તે જે તે બેંકની પરવાનગીજોગ ક્રિયાઓ સાથે ડીલ કરે છે.
ii. CP3 : તે લાઈસેન્સિંગ બાબત અને લાઈસેન્સિંગ પ્રક્રિયા સાથે ડીલ કરે છે.
iii. CPA4: તે સુપરવાઈઝરને સમીક્ષા કરવાની સત્તા આપે છે તેમજ બેંકમાં માલિકીની અર્થસભર તબદીલીને અસ્વીકાર કરવાની સત્તા આપે છે.

iv. CPS5 : તે સુપરવાઈઝરને બૅન્કો દ્વારા થતા મોટા સંપાદન અને નાણાં રોકાણની સમીક્ષા કરવાની સત્તા આપે છે.

(3) વ્યવહારકુશળ કાનૂનો અને જરૂરિયાતો (Prudential Regulations And Requirements) : આ મથાળા હેઠળ દસ સિદ્ધાંત CP6 થી CP15 આવે છે :

(i) CP6: તે લઘુત્તમ મૂડી પર્યાપ્તતાની જરૂરિયાત સાથે ડીલ કરે છે. આંતર્દેશીય ક્ષેત્રે કાર્યરત બૅન્કો માટે, આ મૂડી બેસલ કેપીટલ એકોર્ડ કરતાં કડકપણે ઓછી હોવી જોઈએ નિહ.

(ii) CP7 : તે લોન (ઉછીના નાણાં આપવા) આપવાની માંગણીને મંજુર કરવાની તેમજ તેના વહીવટ અને નાણાંના રોકાણની બાબત સાથે ડીલ કરે છે.

(iii) CPB8: તે મિલકતની યોગ્યતાનું મૂલ્યાંકન કરવાની જરૂરિયાતોને સેટ કરે છે. તદ્ઉપરાંત તે લોનમાં થતા નુકસાનની પૂર્તિ કરવી તેમજ અલગ રાખેલ મૂડીની પર્યાપ્તતાને પણ સેટ કરે છે.

(iv) CP9 થી CP15 : તે બૅન્કોને માર્ગદર્શન આપે છે. આ માર્ગદર્શન બૅન્કોની પૉલિસી, કાનૂન કે રૂલ્સ, સર્વિસિસ, રીતો, જામીનગીરીને લગતી હોય છે.

(૪) ઓન/ઓફ સાઈટ સુપરવીઝનની રીતો (Methods of on/Off Site Supervision) : આ મથાળા હેઠળ પાંચ સિદ્ધાંતો CP16 થી CP20 આવે છે :

i. CP16 : તે ઑન સાઈટ અને ઑફ સાઈટ સુપરવીઝનના સમસ્ત ફ્રેમવર્કની વ્યાખ્યા . આપે છે.

ii. CP17 તે સુપરવાઈઝર્સને બૅન્કોના વહીવટ અને તેના સ્ટાફ સાથે નિયમિત સંપર્ક કરવાની તેમજ બૅન્કોની કામગીરીને સંપૂર્ણપણે સમજવાની સત્તા આપે છે.

iii. CP18 : તે ઓછું – સાઈટ સુપરવીઝન માટેની જરૂરિયાતોને સેટ આઉટ કરે છે.

iv. CP19 : તે સુપરવાઈઝર્સને ઓન-સાઈટનું પરીક્ષણ કરવાની જરૂરિયાત અંગેની સત્તા આપે છે અથવા સુપરવાઈઝરી જાણકારોની કાયદેસરતા માટે બાહ્ય ઑડિટર્સની જરૂરિયાત અંગેની સત્તા આપે છે.

v. CP20 : તે એકીકરણ સુપરવીઝન પાર પાડવાની જરૂરિયાત સાથે ડીલ કરે છે.

(૫) જાણકારીની જરૂરિયાતો (Information Requirements):આ મથાળા હેઠળ માત્ર એક સિદ્ધાંત CP21 આવે છે:

i. CP21 : તે બેન્કને, બેન્કની સાચી સ્થિતિનું પ્રતિબિંબના પર્યાપ્ત રિકોર્ડ જાળવી રાખવાની તેમજ ઓડિટ કરેલ નાણાંકીય અહેવાલ છાપવાની સત્તા આપે છે.

(૬) ઉપાયરૂપ પગલાં અને નિર્ગમન માર્ગ (Remedial Measures And Exit): આ મથાળા હેઠળ માત્ર એક સિદ્ધાંત CP22 આવે છે

(i) CP22: જ્યારે બેન્કો વ્યવહારકુશળ જરૂરિયાતો પૂર્ણ કરી શકતી નહિં હોય અથવા તે ભયના ઓથા હેઠળ રહેતી હોય તે વખતે તે સુપરવાઈઝરને ઝડપથી ઉપાયરૂપ પર્યાપ્ત પગલાં ભરવાની કે લેવાની સત્તા આપે છે.

(૭) ક્રોસ-બોર્ડર બેન્કિંગ (Cross-border Banking) : આ મથાળા હેઠળ ત્રણ સિદ્ધાંતો CP23, CP24 અને CP25 આવે છે ઃ

(i) CP23, CP24 અને CP25 : તે બેંન્કોને વૈશ્વિક સ્તરે સુપરવીઝનને લગતું માર્ગદર્શન પૂરું પાડે છે.

❖ <u>કોર-બેંકિંગ કાર્યક્ષેત્રના ઘટકો (Business Components of CBS)</u>

આપણે આગળ જોઈ ગયા તે પ્રમાણે બેંકની જુદી જુદી શાખાઓની વિગત મુખ્ય ઑફિસના સેન્ટ્રલ સર્વર પરથી મળી શકે છે. કોર-બેંકિંગ પદ્ધતિ એ ઉચ્ચ કક્ષાના ઇલેકટ્રોનિક સાધનોનો ઉપયોગ કરતી પદ્ધતિ છે. જુદી જુદી પ્રસારણ ચેનલો સ્વયંસંચાલિત શાખાના મોડેલોને આંતર- માળખાકીય રીતે સંકલિત કરીને કાર્યરત રાખે છે. જેને લીધે બેંકના ગ્રાહકોને 24 × 7 સેવાનો લાભ મળી શકે છે.

CBS ના કાર્યક્ષેત્રના ઘટકોમાં મુખ્યત્વે કરીને નીચેના ઘટકોનો સમાવેશ થાય છે ઃ

(૧) નાના ગ્રાહકો માટેનું બેંકિંગ સેવાનું મોડયુલ (Module).

(૨) થાપણો (Deposits), લોન, હૂંડીઓ (Bills), નાણાંકીય હેરફેર (Remittances). લોકર, ક્લિયરિંગ જેવા કાર્ય કરનાર ઘટકો.

(૩) સરકાર સાથેના વ્યવહારના મોડેલ.

(૪) સંસ્થાકીય નાણાંકીય વ્યવહાર અને Service Branch નાં મોડેલ.

(4) MIS વૃદ્ધિ. મોડેલ

(૬) ધંધા અંગેના બુદ્ધિ કૌશલ્ય મોડેલ.

(૭) નાણાંકીય કામકાજ/ Forex મોડેલ.

(૮) પ્રવર્તમાન ATM, ટેલિ બેંકિંગ, ડેબિટ કાર્ડ, કિયોસ્ક અને અન્ય પ્રસારણ ચેનલ સાથે સંકલન.

(૯) ટ્રેઝરી, IBR, કેન્દ્રિય હિસાબી પદ્ધતિ, HRMS, ALM, ક્રેડીટ મૂલ્યાંકન અને સંચાલન, ક્રેડીટની માહિતી, NPA સંચાલન જેવી પ્રવર્તમાન નાણાંકીય પદ્ધતિ સાથે સંકલન.

(૧૦) NDS, SFMS, RTGS, CFMS જેવી સોફ્ટવેર પદ્ધતિઓનું સંકલન.

(૧૧) બ્રાંચ બેંકિંગ, ઇન્ટરનેટ બેંકિંગ અને કૉલ સેન્ટરનું સંચાલન.

❖ **કો-બેંકિંગની આવશ્યક જરૂરિયાતો (Essential Requlrements of Core Banking):**

કોર બૈંકિંગની આવશ્યક જરૂરિયાતો નીચે મુજબ છે:

(૧) મુખ્ય વિગત કેન્દ્રનું સંસ્થાપન (Creation of Primary Based Centre)

(૨) આપત્તિ નિવારક જગ્યા (Disaster Recovery Site – DRS)

(૩) બિઝનેસ પ્રોસેસ રી–ઍન્જિનિયરિંગ (Business Process ReEngineering (BPR)

(૪) ખાસ વિશિષ્ટ પ્રકારની સલાહ (Specialised Consultancy)

(૫) માળખું (Structure)

(૧) મુખ્ય વિગત કેન્દ્રનું સંસ્થાપન [Creation of Primary Based Centre) :

મુખ્ય વિગત કેન્દ્રનું સંસ્થાપન કરવાનું નીચેના કારણોસર જરૂરી છે :

(૧) ઇન્ટરનેટ પરના વ્યવહારો માટે કેન્દ્રસ્થ સર્વરને રાખવા માટે.

(૨) વિગત કેન્દ્ર પરથી માહિતીનો CBS અને બેંકની નાણાંકીય ધંધા માટેની વિવિધ જરૂરિયાતો સાથે સંકલન કરી બધા ગ્રાહકોને કેન્દ્રિય પ્રસારણ ચેનલની સેવાનો લાભ આપવા માટે.

(૩) ગ્રાહકોને 24 × 7 સેવા પૂરી પાડવા માટે તથા ઘડિયાળ સાથે સુમેળ સાધતી વ્યક્તિઓ પૂરી પાડવા માટે.

(૪) ડેટાબેઝ સંચાલન, બૅકઅપ ડેટા, નેટવર્ક મોનિટરિંગ કૉલનું સમર્થન કરવાં, અડચણ કરતાં ઘટકો દૂર કરવા, પ્રાચલીય પ્રક્રિયા કરવા, કાનૂની કાર્યવાહી કરવા, પ્રસારણ ચેનલોને સહાયરૂપ થવા જેવી કુશળ પ્રવૃત્તિઓ વિગત કેન્દ્ર પર કરવામાં આવે છે.

(૫)જે સુરક્ષિત સ્થાને બેંકની પોતાની મિલકત હોય તેવાં જ સ્થળે વિગત કેન્દ્ર સ્થાપવું જોઈએ.

(૨) આપત્તિ નિવારક જગ્યા (Disaster Recovery Site – DRS) :

જરૂરિયાત :

(૧) CBS (કોર બેંકિંગ) સાથે સંકલિત શાખાઓની કામકાજની પ્રવૃત્તિમાં કેન્દ્રિય પદ્ધતિમાં થતાં ભંગાણ કે નેટવર્કની નિષ્ફળતા (Failure) દૂર કરવા.

(૨) CBS સાથે સંકલિત કાર્ય કરતી શાખાઓ અને ઇન્ટરનેટ પરની પ્રસારા ચેનલો સતત કાર્ય કરતી રહે તેવી વ્યવસ્થા કરવા.

(૩) વિશ્વસનીય માહિતી અને સતત પ્રક્રિયાત્મક પર્યાવરણ પૂરું પાડવા માટે ખાતરી આપનાર તરીકેનું કાર્ય કરવા.

(૪) ઉપરના મુદાઓ તથા બેંકની શાખાઓના ભૌગોલિક વિસ્તારને યુદ્ધ કે રેલ જેવા બાહ્ય ઘટકોથી અસર નહીં થતી હોય તેવા વિસ્તારને લક્ષમાં રાખીને આપત્તિ નિવારક કેન્દ્ર સ્થાપવું જોઈએ. બેંગ્લોર કે હૈદ્રાબાદ જેવી જગ્યાઓ આ માટે ખૂબ અનુકૂળ છે.

(3) બિઝનેસ પ્રોસેસ રીએન્જિનિયરિંગ (Business Process Re-engineering – BPR) :

(૧) બેંકોની પ્રવર્તમાન પ્રક્રિયાઓને નવી ટેકનિકના ક્ષેત્ર સાથે સુસંગત રીતે કામ કરતી કરવા માટે BPR ની જરૂર પડે છે.

(૨) અધતન ટેકનીકની શ્રેષ્ઠ કાર્યપદ્ધતિઓનો લાભ લઈ બેંકો કાર્યક્ષમ સેવા પૂરી પાડી શકે તે માટે BPR ની જરૂર પડે છે.

(3) પોતાના ગ્રાહકોને બેંક વધારે સારી સેવા આપી શકે અને સાથે સાથે નવી પ્રક્રિયાઓની મદદથી પોતાને માટે વધારે નફો કમાઈ શકે તે માટે BPR ની જરૂર પડે છે.

(૪) ખાસ વિશિષ્ટ પ્રકારની સલાહ (Specialised Consultancy) :

(૧) CBS એક મહત્ત્વનું આયોજન છે જેમાં વિવિધ સ્તરની પ્રસારમાન પદ્ધતિની આંટીઘૂંટીનો સમાવેશ થાય છે. આ ઉપરાંત વધારે નાણાંકીય રોકાણ અને ટેકનીકલ માનવ શક્તિની પણ જરૂર રહે છે. આથી બેંકોને કેન્દ્રિય બેંકિંગ સેવા માટે ખાસ નિષ્ણાત વ્યક્તિઓની સલાહ લેવા માટે સૂચન કરવામાં આવ્યું છે.

(૨) આવા નિષ્ણાતોને બીજી બેંકમાં CBS ના અમલીકરણ કરવાનો અનુભવ હોવો જોઈએ.

(૩) નિષ્ણાતોએ બેંકમાં CBS નું અમલીકરણ કરવા માટે પોતાની કાર્યક્ષમતા અને અનુભવ તથા ભૂતકાળની કામગીરીનો ઉપયોગ કરવો જોઈએ.

(૪) વ્યૂહરચના તૈયાર કરી તેની ડિઝાઇન તૈયાર કરી તેના અમલીકરણ માટે વિશિષ્ટ સલાહ મદદરૂપ થાય છે.

(૫) કેન્દ્રસ્થ બેંકિંગની બધી જ જરૂરિયાતો માટે બેંકને માર્ગદર્શન આપવા વિશિષ્ટ સલાહની જરૂર પડે છે.

(ક) વિશિષ્ટ નિષ્ણાતોની ભલામા અથવા સૂચન મેળવ્યા પછી તેના અમલીકરણ માટે પણ નિષ્ણાત અનુભવીની સલાહની જરૂર પડે છે.

(૫) માળખું (Infrastructure) :

માળખામાં Software, Hardware તથા Network નો સમાવેશ થાય છે.

❖ કોર બેન્કિંગનું માળખું (Infrastructure of Core Banking) :

કોર બેન્કિંગના માળખામાં નીચે મુજબનાં ઘટકોનો સમાવેશ થાય છે : (૧) સોફ્ટવેર (૨) હાર્ડવેર (૩) નેટવર્ક

(૧) સોફ્ટવેર (software) : સોફ્ટવેરમાં નીચેના ઘટકોનો સમાવેશ થાય છે.

(અ) શાખાકીય પ્રક્રિયાત્મક મોડેલ (Modules) (બ) ATM, ટેલી બેંકિંગ, ઇન્ટરનેટ બેન્કિંગ, માહિતી કિઓસ્ક જેવી પ્રસારણ ચેનલોની જરૂરિયાત.

(ક) NDS, SIFMS, RTGS, CFMS જેવી પદ્ધતિઓનું સંકલન કરતી આંતરિક વ્યવસ્થા.

(ડ) બુદ્ધિ, કૌશલ્ય અને ડેટાબેંક માટેના સાધનો.

(૨) હાર્ડવેર (Hardwnre) :

જે તે બેંક – શાખાની લેવડ-દેવડના કદના સંદર્ભમાં જરૂરિયાત મુજબ વિગત કેન્દ્ર પરના હાર્ડવેર અને DRS નું કદ નક્કી કરવામાં આવે છે.

(3) નેટવર્ક (Network) :

(અ) CBS માટે પ્રારંભિક પ્રસારણ ચેનલ તરીકે WAN લાઈન પટા પર લઈ વાપરવી જોઈએ.

(બ) નેટવર્કની નિષ્ફળતા (Failure)ને પહોંચી વળવા માટે જરૂરિયાત મુજબની નેટવર્કની જોગવાઈ રાખવી જોઈએ.

(ક) ISDN જોડાણનો સહાયક માહિતી તરીકે ઉપયોગ કરી શકાય.